## આંક ૪૯ની અરજી લગત હુકમ

(૧)અરજી વંચાણે લીધી. કામનું રેકર્ડ અને પ્રોસીડીન્ગ ધ્યાને લીધું. ફરિયાદપક્ષે વી.વ.શ્રી કે.એચ.ધોળકિયા અને બચાવપક્ષે વી.વ.શ્રી બી.એ.ત્રિવેદીને સાંભળ્યા. બચાવપક્ષે રજુ રાખેલ નામ. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાને લીધો. લાગુ પડતી કાયદાની જોગવાઈ ધ્યાને લીધી.

(૨)હાલની અરજી રજુ રાખી આ કામના આરોપી તરફે મુખ્યત્વે એવી રજૂઆત છે કે આરોપી ગુજરાત રાજ્યના પોલીસ ખાતામાં પોતાની સેઆ બજાવે છે અને તે રીતે રાજ્ય સેવક છે, અને તેમની વિરૂદ્ધમાં જે આક્ષેપ છે તે તેમની ફરજ દરમ્યાનનો છે, એટલે કે ડ્યુરીંગ ધી ડિસ્ચાર્જ ઓફ અવર ડયુટીનો આક્ષેપ છે,સીઆરપીસી કલમ ૧૯૭ની જોગવાઈ મુજબ કોઈ રાજ્ય સરકારનાં પોલીસ અધિકારી વિરૂદ્ધમાં આવા આક્ષેપ થાય ત્યારે સક્ષમ ઓથોરીટીની મંજુરી લીધા વગર કોઈ કોગ્નીઝન્સ લઇ શકાય નહી આવી સ્પષ્ટ જોગવાઈ છે,આ કામમાં કોઈ સક્ષમ ઓથોરીટીની પ્રીવિયસ સેન્કસન લીધેલ નથી તેથી કલમ ૧૯૭ની જોગવાઈને ધ્યાને લઇ આ કામે તેમની સામેના કેસમાં ડિસ્ચાર્જ કરતો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩)હાલની અરજી સામે ફરિયાદપક્ષે કોઈ લેખિત જવાબ કે વાંધા રજુ રાખેલ નથી.

(૪)અરજી લગત બન્નેપક્ષે સાંભળ્યા. હાલના કામે બચાવપક્ષે રજુ નામ. સર્વોચ્ચ અદાલતનો ઈન્દ્રા દેવી વી. રાજસ્થાન રાજ્ય [ક્રિમીનલ અપીલ ન. ૫૯૩/૨૧]નો ચુકાદો માનપૂર્વક વંચાણે લીધો. અને તેને અનુસરવા માટે અત્રેની અદાલત બંધાયેલ છે તેમાં બે મત નથી, પરંતુ આ ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલત સમક્ષ જે હકીકત હતી તેમાં પ્લોટનાં માપમાં વધારો કરી ફરિયાદી ને છેતરવાની ફરિયાદ હતી અને આરોપી સામે ફોર્જ્ડ લીઝ પ્રોક્યોર કરવાનાં ગુન્હા માટે ફોજદારી કાર્યવાહી થવાપાત્ર હતા અને તેમાં ચાર્જશીટ થયેલ અને ચાર્જફ્રેમ થયેલ હતો અને તેમાં કલમ ૧૯૭માં ઉપરી અધિકારીની

સેન્કસન લેવા બાબતે નિર્ણય આપેલ હતો. અને તે ચુકાદામાં અગાઉ અન્ય બે અધિકારીઓ સામેની કાર્યવાહી કવોશ કરવામાં આવેલ હતી. તેમાં પેરા ૯મા ઠરાવેલ હતું કે....

**9.We have given our thought to the submissions of learned counsel for the parties. Section 197 of the CrPC seeks to protect an officer unnecessary harassment, who is accused of an offence committed while acting or purporting to act in the discharge of his official duties and, thus, prohibits the court from taking cognizance of such offence except with the previous sanction of the competent authority. Public servants have been treated as a special category in order to protect them from malicious or vexatious prosecution. At the same time, the shield cannot protect corrupt officers and the provisions must be construed in such a manner as to advance the cause of honesty, justice and good governance.**

એટલે કે આરોપીએ ગુન્હો કરેલ હોય તે પોતાની કાયદેસરની ફરજ દરમિયાન, પોતાની ફરજની જવાબદારી નિભાવવાનાં ભાગરૂપે કરેલ કૃત્ય હોય ત્યારે તેની સામે, અગાઉથી સેન્કસન લીધા પહેલા કોગ્નીઝન્સ લેવા સામે કોર્ટને પ્રતિબંધ છે. આજ ચુકાદામાં આગળ ઉપર ઠરાવેલ છે કે

**...the yardstick to be followed is to form a prima facie view whether the act of omission for which the accused was charged had a reasonable connection with the discharge of his duties. The real question, therefore, is whether the act committed is directly concerned with the official duty.**

એટલે કે કે આરોપી ઉપર જે કોઈ તહોમત મુકાયેલ હોય તેવું કૃત્ય કરવાને તે આરોપી દ્વારા નિભાવવાની થતી ફરજ સાથે વ્યાજબી સંબંધ છે કે કેમ તે જોવું જોઈએ. અને તેથી તેના માટે પ્રશ્ન એવો છે કે જે કૃત્ય થયેલ છે તે પ્રત્યક્ષ રીતે કાયદેસરની ફરજ સાથે સંકળાયેલ/સંબંધિત છે કે કેમ? હાલના કેસમાં ફરિયાદપક્ષનાં પ્રથમદર્શનીય પુરાવા પરથી આરોપીએ કરેલ ગુન્હાનું કોગ્નીઝન્સ લેવાયેલ છે અને આરોપી સામે જે ગુન્હો કર્યો હોવાનું પ્રથમ દર્શનીય રીતે કોગ્નીઝન્સ લઇ, જે ગુન્હાની શિક્ષાને પાત્ર કલમો મુજબનાં પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છે, તે કલમો મુજબ લાકડી અને ચામડાનાં હેન્ડલ વાળા બેલ્ટથી માર મારી, લોક અપમા રાખી, મુદત હરોળ જામીન હાજર હોવા છતાં જામીન નહિ લઇને ગેરકાયદેસર રીતે ગોંધી રાખી, ગાળો બોલી, ધમકી આપી ઇન્ડિયન પિનલ કોડની કલમ ૩૨૩, ૩૨૪, ૩૪૧, ૫૦૪, ૫૦૬(૨) મુજબની શિક્ષાને પાત્ર અપરાધ તરીકે ગણી શકાય

તેવી વર્તણુક કરવાની કોઈ જાહેર સેવકની કાયદેસરની કહેવાય તેવી ફરજ હોવાનું હાલની અરજીમાં સ્પષ્ટ કરેલ નથી અને આરોપીની ઉપરોક્ત કલમ મુજબની વર્તણુકને આરોપીની ફરજનાં ભાગ રૂપે હોવાનું પ્રથમ દર્શનીય રીતે પણ માનવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૭ મુજબ આરોપીની આક્ષેપિત ગુન્હાઈત વર્તણુક તેમણી રાજ્ય સેવક તરીકેની ફરજનાં ભાગરૂપે હોય તેવું માનવાને કારણ ન હોય, ફરિયાદપક્ષે વી.વ.શ્રીની દલીલો મહદઅંશે ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય છે અને આરોપી તરફેની દલીલો ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી, તેથી હાલના કામે આરોપીને તે કારણ સબબ ડિસ્ચાર્જ કરવાનો કોઈ હુકમ થવાપાત્ર જણાતો નથી અને તેથી હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૭મી એપ્રિલ સને ૨૦૨૨નાં રોજ મારી સહી કરી જાહેર કર્યો.

(મિસ ભારતી કનુભાઈ જાદવ)

૭મા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ

જામનગર કોડ જીજે૦૦૯૮૫